GUJARAT VIDYAPITH KRISHI VIGYAN KENDRA
AMBHETI, DIST.– VALSAD (GUJARAT)

# NEWSLETTER

JAN-JUNE ,2019

Number 15



*My life is My Message*

**PATRON**

Dr R. A. Khimani

**Chief Editor**

**Dr R. F. Thakor**

**Senior Scientist & Head**

**Editorial Team**

Shri K. A. Patel

Shri A. R. Patel

Shri L. T .Kapur

Shri M. M. Gajjar

**Support**

Dr. B. M. Patel

Shri P. J. Joshi

Smt P. R. Ahir

Shri P. R. Patel

**Half Yearly Newsletter Published by**

**Gujarat Vidyapith**
**KRISHI VIGYAN KENDRA**
**AMBHETI –396 191**
**Dist. Valsad (Gujarat)**
**E-mail: kvkvalsad@gmail.com**

for office use only

## Dignitaries visit

Dr V. P. Chahal, Assistant Director General (AE), ICAR, Dr Lakhan Singh, Director, ATARI, Pune and Shri. Balarajsinh, Secretary, ICAR visited KVK– Valsad on 29th June, 2019. They stressed upon the strengthening of existing infrastructure facilities like museum, Soil Testing Laboratory, Plant Health Clinic, etc.. The team also visited Motapondha and Dhodhadkuva villages and interacted with women entrepreneurs associated with mushroom production and mango pulp preservation. At this juncture, Ex-trainees Sammelan was organized at KVK in which about 50 farmers were participated. Hon. ADG and Zonal Director guided the farmers to adopt various technologies for doubling farmer income by taking advantage of KVK. They appreciated the efforts made by KVK for welfare of tribal farming community. On this occasion, the participants of skill development training programme on 'Organic Grower" were honored with certificates issued by ASCI. A booklet published by KVK with a view to increase farmers income entitled " KRISHI SANJIVANI" was also released by guests on this event. The dignitaries expressed satisfaction with the various activities of KVK.







## મહાનુભાવોની મુલાકાત

આઇસીએઆરના આસીસ્ટન્ટ ડાયરેક્ટર જનરલ ડૉ. વી. પી. ચહલ અને અટારી, પુના ના ડાયરેક્ટર ડૉ. લાખનસિંહ તથા આઇસીએઆરના સેક્રેટરીશ્રી બલરાજસિંહ એ કૃષિ વિજ્ઞાન કેન્દ્રની તા. ૨૯ જૂન, ૨૦૧૯ના રોજ મુલાકાત લીધી. તેઓએ કેન્દ્રના ફાર્મ ખાતેના વિવિધ નિદર્શન એકમો, જમીન ચકાસણી પ્રયોગશાળા, પ્લાન્ટ હેલ્થ કલીનીક, મ્યુઝીયમ, વગેરેની મુલાકાત લઇ ઉપયોગી માર્ગદર્શન પુરુ પાડયું. ક્ષેત્ર મુલાકાત દરમ્યાન મોટાપોંઢા અને ધોધડકુવા ખાતે મશરૂમ ઉત્પાદન અને કેરીના રસનું પરિરક્ષણના એકમોની મુલાકાત લઇ સ્વ સહાય જૂથની બહેનો સાથે ચર્ચા કરી તેઓને અભિનંદન પાઠવ્યા. આ પ્રસંગે ભૂતપૂર્વ તાલીમાર્થી સંમેલનમાં ૫૦ જેટલા ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ ઉપસ્થિત ખેડૂતો સાથે પ્રત્યક્ષ ચર્ચા કરી ખેડૂતોને કેવીકેનો લાભ લઇને વિવિધ તાંત્રિકતાઓ અપનાવી આવક બમણી કરવા માટે આહવાન કર્યું. તેઓએ આદિવાસી ખેડૂતોના કલ્યાણ માટે કેન્દ્ર દ્વારા હાથ ધરવામાં આવેલ વિવિધ અભિગમોની પ્રસંશા કરી. આ પ્રસંગે મહેમાનો દ્વારા એગ્રીકલ્ચર સ્કીલ કાઉન્સીલ ઑફ ઇન્ડીયા પુરસ્કૃત સજીવ ખેતી વિશેના એક માસના કૌશલ્યવર્ધન તાલીમ કાર્યક્રમના તાલીમાર્થીઓને પ્રમાણપ્રત્ર એનાયત કરી શુભેચ્છા પાઠવવામાં આવી. આ કાર્યક્રમ દરમ્યાન કેવીકે દ્વારા તૈયાર કરવામાં આવેલ વલસાડ જિલ્લાના ખેડૂતો માટે ઉપયોગી એવી પુસ્તિકા ''કૃષિ સંજીવની'' નું વિમોચન પણ કરવામાં આવ્યું. મહાનુભાવોએ કેન્દ્રની વિવિધ પ્રવૃત્તિઓથી સંતોષ વ્યક્ત કરી શુભેચ્છા વ્યક્ત કરી.

**કિસાન કોલ સેન્ટર ૧૮૦૦૧૮૦૧૫૫૧**

## Pre-Rabi Kisan Sammelan

Pre-Rabi Kisan Sammelan was organized at KVK on 28th Feb,2019. More than 260 farmers and farm women from different villages were participated. Shri Pravinbhai Mandani, Project Director, ATMA, Valsad addressed the farmers to adopt different technologies for organic crop production. The farmers were guided on different aspects of soil health management by Pinki Patel (Area manager, GSFC, Pardi). The scientists of KVK discussed important technologies for Rabi crops like organic farming, INM, IPM, etc. An agriculture exhibition was also organized during this event.





## પ્રિ-રવી ખેડૂત સંમેલન

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે તા.૨૮/૦૨/૨૦૧૯ ના રોજ પ્રિ-રબી કિસાન સંમેલન ગોઠવવામાં આવ્યું. જેમાં જુદા જુદા ગામોના ૨૬૦ થી વધુ ખેડૂતોએ ભાગ લીધો. આત્મા પ્રોજેક્ટ, વલસાડના પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી પ્રવિણભાઇ માંડાણી દ્વારા સજીવ ખેતી વિશે વિસ્તૃત જાણકારી આપી વિવિધ તાંત્રિકતાઓ અપનાવી ખેડૂતોને ખેત ઉત્પાદન તેમજ આવક વધારવા માટે સમજ આપવામાં આવી. જીએસએફસીના એરીયા મેનેજર પિન્કી પટેલે જમીન ચકાસણી માટે ખેડુતોને પ્રોત્સાહિત કર્યા. કેવીકેના તજજ્ઞો દ્વારા રવી પાકોની વિવિધ તાંત્રિક્તાઓ વિશે ખેડૂતોને ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું. આ પ્રસંગે ગોઠવવામાં આવેલ કૃષિ પ્રદર્શન થકી ખેડૂતોને પ્રત્યક્ષ જાણકારી મળી રહી.

## PM Kisan Samman Nidhi Programme

A live web cast programme on launching of PM Kisan Samman Nidhi Scheme was organized at KVK on 24th Feb,2019 to create awareness about the new scheme. About 90 farmers were participated. Different features of the PM Kisan Samman Nidhi Scheme were discussed on the occasion and inspired to take benefit of the scheme during live telecast of speech of Hon. PM.



## પીએમ કિસાન સમ્માન નિધિ કાર્યક્રમ

પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાના ઉદ્‌ઘાટન પ્રસંગના જીવંત પ્રસારણ માટેનો કાર્યક્રમ કેવીકે ખાતે તા. ૨૪/૦૨/૨૦૧૯ ના રોજ ગોઠવવામાં આવેલ. આ કાર્યક્રમમાં જુદા જુદા ગામોના ઉપસ્થિત ૯૦ જેટલા ખેડૂતોને આ યોજનાની વિસ્તૃત જાણકારી આપવામાં આવી. ખેડૂતોમાં આ યોજના અંગે જાગૃત્તતા કેળવાય અને વધુમાં વધુ ખેડૂતો તેનો લાભ લે તે આશયથી માનનીય પ્રધાનમંત્રીશ્રીના સંબોધનનું જીવંત પ્રસારણ ખેડૂતોને દર્શાવવામાં આવ્યું.

## Radio Kisan Divas

Radio Kisan Divas was celebrated at KVK in collaboration of AIR, Daman on 15th Feb, 2019. Interaction between scientists of KVK and farmers was held in which 60 farmers were participated. The officials of AIR were remained present.



## રેડીયો કિસાન દિવસ

ઑલ ઇન્ડીયા રેડીયો, દમણના સહયોગથી કેવીકે ખાતે તા. ૧૫/૦૨/૨૦૧૯ રોજ રેડીયો કિસાન દિવસની ઉજવણી કરવામાં આવી. કેવીકેના તજજ્ઞો અને ખેડૂતો સાથે સીધા વાર્તાલાપ માટે આયોજીત આ કાર્યક્રમમાં અંદાજે વિવિધ ગામોના ૬૦ જેટલા ખેડૂતોએ ભાગ લીધો. ઑલ ઇન્ડીયા રેડીયોના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## Seminar on Paddy

Seminar on paddy production technologies was organized at KVK on 28th, May, 2019. About 86 farmers of different villages were guided on various aspects like latest varieties, seed treatment, fertilizer and weed management and IPM in paddy crop by Mr. M. M. Gajjar (KVK scientist).



## ડાંગર પાક પરિસંવાદ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે તા. ૨૮/૦૫/૨૦૧૯ ના રોજ ડાંગર પાક પરિસંવાદનું આયોજન કરવામાં આવેલ. જેમાં ઉપસ્થિત ૮૬ જેટલા ખેડૂતોને કેન્દ્રના વૈજ્ઞાનિકશ્રી મિતેશભાઇ દ્વારા ડાંગરની સુધારેલ જાતો, બીજમાવજત, ખાતર વ્યવસ્થાપન, નિંદામણ, રોગ જીવાત વ્યવસ્થાપન, વગેરે વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું.

## FLD/ Field Day

### Crop : Chickpea

Under National Food Security Mission (NFSM), Cluster Frontline Demonstrations on chickpea was conducted on 30 ha (75 farmers) in Dhodhadkuva, Pati, Nani Vahiyal, Karjun and Sadadvera villages during Rabi 2018-19. Field day was organized at Dhodhadkuva village in which more than 93 farmers and extension personals participated. The demo variety GJG.-3 gave 34.09 % higher yield.




### Crop : Greengram

FLD on GM-6 variety of greengram was conducted on 8 ha (40 farmers) in Pati, Dhadhadkuva, Panchalai and Asma villages of Pardi block during summer-2019, The demonstrated *var*. GM-6 gave 41.96 % higher yield as compared to local variety and found resistant against yellow mosaic disease.




### Crop : Indian bean

FLD on Indian bean was laid down on 7.4 ha (69 farmers) in Rabi season. The Field day was organized at Rajpuri Jangal village in which 108 farmers were participated. The demonstrated *var*. Guj. Val. 2 gave 33.91 % higher yield.



### Crop : Fodder Sorghum

FLD on fodder sorghum on 19 ha ( 200 farmers) was conducted at Kharedi, Lakhmapor, Ambheti and Pati villages. Field day was organized at Lakhmapor village in which 62 farmers were participated.



## અગ્ર હરોળ નિદર્શન / ક્ષેત્ર દિન

### પાક : ચણા

રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન અંતર્ગત રવી ઋતુમાં ધોધડકુવા, પાટી, નાની વહીયાળ, કરજુન અને સાદડવેરા ગામે ૩૦ હે. (૭૫ ખેડૂતો) ચણા પાકના નિદર્શન ગોઠવેલ. ધોધડકુવા ગામે ગોઠવેલ ક્ષેત્ર દિનમાં ૯૩થી વધુ ખેડૂતો તથા વિસ્તરણકર્તાઓએ ભાગ લીધેલ. નિદર્શિત જાત જી.જે.જી. ૩ માં ૩૪.૦૯% જેટલો ઉત્પાદનમાં વધારો જોવા મળેલ.

### પાક : મગ

ઉનાળુ ઋતુમાં ૮ હે. વિસ્તારમાં ૪૦ ખેડૂતોના ખેતરે મગની જીએમ-૬ જાતના અગ્ર હરોળ નિદર્શન પારડી તાલુકાના પાટી, ધોધડકુવા, પંચલાઇ અને આસ્મા ગામે ગોઠવેલ. મગની નિદર્શિત જાત જીએમ-૬ માં ૪૧.૯૬% જેટલો ઉત્પાદનમાં વધારો જોવા મળેલ તથા આ જાત પીળા પંચરંગિયા રોગ સામે પ્રતિકારક માલુમ પડી.

### પાક : વાલ

રવી ઋતુમાં ૭.૪ હે. વિસ્તારમાં ૬૯ ખેડૂતોના ખેતરે વાલની ગુજરાત વાલ- ૨ જાતના નિદર્શન ધરમપુર તાલુકાના રાજપુરી જંગલ અને હનમત માળ ગામે ગોઠવેલ. જે અંતર્ગત રાજપુરી જંગલ ગામે ગોઠવેલ ક્ષેત્ર દિનમાં ૧૦૮ જેટલા ખેડૂતોએ ભાગ લીધેલ. વાલની નિદર્શિત જાતમાં ૩૩.૯૧% જેટલો ઉત્પાદનમાં વધારો જોવા મળેલ.

### પાક : ઘાસચારા જુવાર

ઘાસચારા જુવાર પાકના નિદર્શન ખરેડી, લખમાપોર, અંભેટી અને પાટી ગામે ૧૯ હે. વિસ્તારમાં ૨૦૦ ખેડૂતોના ખેતરે ગોઠવવામાં આવેલ. જે અંતર્ગત પારડી તાલુકાના લખમાપોર ગામે ગોઠવેલ ક્ષેત્ર દિનમાં ૬૨ જેટલા ખેડૂતોએ ભાગ લીધેલ.

## Major FLD (Kharif-2019) / અગ્ર હરોળ નિદર્શન (ખરીફ-૨૦૧૯)

| Crop<br>પાક | Variety<br>જાત | Area (ha)<br>વિસ્તાર (હે.) | No of farmers<br>ખેડૂતોની સંખ્યા | Villages<br>ગામો |
|---|---|---|---|---|
| Paddy<br>ડાંગર | GAR - 13<br>જી.એ.આર.૧૩ | 25.00 | 120 | Sadadvera,Samarsingi, Asma<br>સાદડવેરા,સામરસીંગી, આસ્મા |
| Nagli<br>નાગલી | Guj. Nagli - 5<br>ગુજ. નાગલી - ૫ | 16.00 | 85 | Narvad, Khadakval, Ambajangal<br>નારવડ, ખડકવાળ, આંબા જંગલ |
| Bittergourd<br>કારેલા | F 1 Hybrid<br>F 1 હાઈબ્રીડ | 2.50 | 20 | Ambosi, Mamabhacha<br>આંબોશી, મામાભાચા |
| Pigeon pea<br>તુવેર | BDN-711<br>બીડીએન-૭૧૧ | 20.00 | 50 | Panchlai, Asma, Dhodhadkuva, Nani vahiyal<br>પંચલાઈ, આસ્મા, ધોધડકુવા, નાની વહીયાળ |

## Skill Development Training

Skill development training programmes on "Organic Grower" and "Dairy Entrepreneur" each programme of one month duration sponsored by Agriculture Skill Council of India (ASCI) were organized at KVK by Shri. A. R. Patel and Dr B. M. Patel (Scientists, KVK) respectively. Total 40 youths ( 20 in each batch) were trained on various aspects of organic farming and dairy farming. Participants were also exposed to various technologies by visiting different centers of NAU, Navsari and progressive farmers' field.





## કૌશલ્યવર્ધન તાલીમ

એગ્રીકલ્ચર સ્કીલ કાઉન્સીલ ઑફ ઇન્ડિયા પુરસ્કૃત સજીવ ખેતી અને પશુપાલન વિશે એક માસના કૌશલ્યવર્ધન તાલીમ કાર્યક્રમ શ્રી એ. આર. પટેલ અને ડૉ. બી. એમ. પટેલ દ્વારા ગોઠવવામાં આવેલ. જેમાં દરેક બેચમાં ૨૦ તાલીમાર્થી મુજબ કુલ ૪૦ યુવા ખેડૂતોને સજીવ ખેતી અને પશુપાલન અંગેની વિવિધ તાંત્રિકતાઓ વિશે તજજ્ઞો દ્વારા પ્રત્યક્ષ તાલીમ આપવામાં આવી. તાલીમાર્થીઓને નવસારી કૃષિ યુનિવર્સીટીના વિવિધ કેન્દ્રો તથા પ્રગતિશીલ ખેડૂતોના ફાર્મની પ્રત્યક્ષ મુલાકાત કરાવી ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું.

## World Water Day

World water day was celebrated on 21st, March, 2019 at Khutali village of Kaprada. More than 67 farmers were guided on different aspects of water conservation like , farm pond, check dam, micro irrigation, mulching etc. by expert of KVK.



## વિશ્વ જળ દિવસ

કપરાડા તાલુકાના ખુટલી ગામે તા. ૨૧/૦૩/૨૦૧૯ ના રોજ વિશ્વ જળ દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં ઉપસ્થિત ૬૭ જેટલા ખેડૂતોને જળ સંરક્ષણના વિવિધ અભિગમો જેમકે ખેત તલાવડી, ચેકડેમ, સૂક્ષ્મ પિયત, આચ્છાદન વગેરે વિશો કેવીકેના તજજ્ઞ દ્વારા વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

## Solid Waste Management

To fasten the process of decomposition of farm waste, the Waste decomposer developed by NCOF-Ghaziabad was demonstrated on the field of 50 farmers of Asma and Ozar villages to promote organic farming. By this method, good quality of compost was ready to use within 45 to 50 days.



## સેન્દ્રિય ધન કચરાનું વ્યવસ્થાપન

સેન્દ્રિય ખેતીને પ્રોત્સાહન આપવા માટે NCOF- ગાઝીયાબાદ દ્વારા વિકસિત વેસ્ટ ડિકમ્પોઝરના આસ્મા અને ઓઝર ગામોમાં ૫૦ ખેડૂતોને નિદર્શન આપવામાં આવ્યા. વેસ્ટ ડિકમ્પોઝરના ઉપયોગથી સેન્દ્રિય કચરામાંથી ઉત્તમ ગુણવત્તાવાળુ સેન્દ્રિય ખાતર ૪૫ થી ૫૦ દિવસમાં વાપરવા માટે તૈયાર થયુ હતુ.

## Supply of inputs to farmers

Seed material produced and supplied to farmers : Improved varieties of Paddy (8000 kg), Pigeonpea (30 kg), Sugarcane (11000 kg) , Vegetable seedlings (75000 no.,Brinjal), Sweet Potato-60000 Cuttings, Green fodder ( about 50,000 tussucks) and 734 Fruit fly traps supplied to the farmers.

## ખેડૂતો માટે કેન્દ્ર ખાતે ઉત્પાદિત સામગ્રી

ડાંગર (૮૦૦૦ કિ.ગ્રા), તુવર (૩૦ કિ.ગ્રા.), શેરડી (૧૧૦૦૦ કિ.ગ્રા.), શાકભાજી (રીંગણના ૭૫૦૦૦ ધરુ), શક્કરીયા–૬૦૦૦૦ કટીંગ, લીલા ઘાસચારાના જડીયા (આશરે ૫૦૦૦૦) વગેરની વધુ ઉત્પાદન આપતી જાતોનુ બિયારણ તથા ૭૩૪ ફળમાખી ટ્રેપ ખેડૂતોને પુરા પાડવામાં આવ્યા.

BOOK- POST

To, ____________________

____________________

____________________

____________________

From-
Gujarat Vidyapith
Krishi Vigyan Kendra
Ambheti, Via Vapi
Ta. Kaparada, Dist. Valsad (Guj.) 396 191